દિવ્ય ભાસ્કર
અમદાવાદ-સિટીભાસ્કર 12-11-2022

### IIMA ઇતિહાસના પ્રથમ 25 વર્ષની કેમ્પસ લાઇફ અને રસપ્રદ સફર જોઈ શકાશે

# ‘નોટ યેટ 25 ’ IIMA પ્રાણલાલ પટેલની નજરે... એક્ઝિબિશનનું આયોજન થયું







**અમદાવાદ :** આઈઆઈએમ અમદાવાદના આર્કાઈવ્સ દ્વારા પ્રાણલાલ પટેલના ફોટોનું એક્ઝિબિશન યોજવામાં આવ્યું છે. જે ફોટોમાં આઈઆઈએમ ઈતિહાસના પ્રથમ 25 વર્ષની કેમ્પસ લાઈફ અને અન્ય રસપ્રદ સફર ફરીથી જીવંત જોઈ શકાય છે. તેમણે ક્લિક કરેલી એક તસવીરમાં કેમ્પસના ઐતિહાસિક ડોમ અને તેમાં મોંચી બેઠેલા જોઈ શકાય છે જે એ સમયની યાદ તાજી કરે છે. તે સિવાય સ્ટુડ્ન્ટસ મેસ, ક્લાસરૂમ વગેરે એ સમયે કેવા હતા તે તસવીરોમાં આબેહૂબ જોવા મળે છે. પ્રાણલાલ પટેલ (1910-2014) એ 1932માં તેમની ફોટોગ્રાફી સફર શરૂ કરી હતી. તેઓ 1946માં રોયલ ફોટોગ્રાફિક સોસાયટી ઓફ ગ્રેટ બ્રિટેનના અસોસિએટ બન્યા હતા અને 1993માં ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટોગ્રાફી કાઉન્સિલના અસોસિએટ બન્યા હતા. આઈઆઈએમએ આર્કાઈવ્સ પાસે ‘પ્રાણલાલ પટેલ ક્લેક્શન’ ના નામે લગભગ 200 જેટલા ફોટો છે. ગયા વર્ષે IIMA આર્કાઈવ્સે તેના 60 વર્ષના સેલિબ્રેશન માટે ‘બ્રિક બાય બ્રિક’ પરમેન્ટ્ન્ટ એક્ઝિબિશન શરૂ કર્યું હતું. આ વર્ષે ‘નોટ યેટ 25’ - આઈઆઈએમ પ્રાણલાલ પટેલની નજરે...એક્ઝિબિશન શરૂ થયું છે જે 10થી 17 નવેમ્બર સુધી જોઈ શકાશે.